**સી.પી.સી. ઓર્ડર–૨૬ રૂલ–૯ ની જોગવાઈ મુજબ વાદગ્રસ્ત મીલ્કતની સ્થળ સ્થિતિનુ રોજકામ કરવા માટેની વાદીની આંક–૧૨૮ ની અરજી લગત હુકમ :–**

(૧) હાલની અરજી વાદીઓએ સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૨૬, રૂલ ૯ ની જોગવાઈ મુજબ આપેલ છે. પ્રતિવાદી પક્ષે આંક–૧૨૯ થી વાંધા રજુ કરેલ છે. બન્ને પક્ષના વકીલશ્રીને સાંભળ્યા.

(૨) વાદી વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે દાવા અરજીના પેરા–૫ ના પ્લીડીંગ્સ મુજબ વાદગ્રસ્ત મીલ્કતનો કબજો વાદી પક્ષ પાસે છે. જયારે પ્રતિવાદીએ આંક –૧૭ થી રજુ કરેલ દાવા જવાબના પેરા–૨ મા જણાવ્યા મુજબ વાદગ્રસ્ત મીલ્કતનો કબજો પ્રતિવાદી પાસે હોવાનુ તેમનો કેસ છે. આ કામે વાદગ્રસ્ત મીલ્કતના ફીઝીકલ કબજાની તકરાર હોય કોર્ટ કમીશ્નર મારફત સ્થળ સ્થિતિનુ રોજકામ તથા રફસ્કેચ તૈયાર કરાવવા જરૂરી છે. પ્રતિવાદી પક્ષને તેનાથી કોઈ નુકશાન થવાનુ નથી. પ્રતિવાદી પક્ષને પુરાવાના તબકકે કોર્ટ કમીશ્નરશ્રી મારફત થયેલ રોજકામ અંગે વિશેષ તેમજ રીબર્ટલ પુરાવો રજુ કરવા માટેની તક રહેલ છે. આ અરજી મંજુર કરવાથી દાવાનો આખરી નિર્ણય થવાનો નથી કે પક્ષકારોના હકક, હિતનો પણ કોઈ આખરી નિર્ણય થવાનો ન હોય અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) પ્રતિવાદી પક્ષે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે વાદગ્રસ્ત મીલ્કતનો કબજો ખરી હકીકતે પ્રતિવાદી નં.૨ પાસે હોવાનુ વાદીઓનુ પ્લીડીંગ છે. વાદીએ પોતાની દાવા અરજીમા કબજો વાદીનો હોવાનુ કયાંય જણાવેલ નથી. વાદીએ દાવા અરજીના પેરા–૧૦ મા જે દાદ માંગેલ છે તેમા પણ પેરા નં.૧૪ વાળી ખેતીની જમીનમાથી વાદીઓને ૧/૬ હિસ્સો અલગ કરાવી તેમા શાંત અને પ્રત્યક્ષ કબજે વાદીઓને સુપ્રત કરાવવાની દાદ માંગેલ છે. આમ મીલ્કત તેમના કબજામા નથી તેવુ વાદીનુ દાવા અરજીમા કથન છે અને હાલની અરજીમા વિરોધાભાસી હકીકત જણાવે છે. ઓર્ડર–૨૬ રૂલ–૯ ની જોગવાઈ મુજબ પક્ષકારો વતી પુરાવો એકત્ર કરવા સ્થળ સ્થિતિનુ રોજકામ ન થઈ શકે. હાલ વાદી પક્ષે ઘણાબધા સાહેદો તપાસાય ગયા બાદ પુરાવાના તબકકે મલીન ઈરાદાથી

અરજી આપેલ હોય નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) બન્ને પક્ષની રજુઆત ધ્યાને લીધી. સૌ પ્રથમ વાદીની દાવા અરજીના પેરા–પ મા જણાવેલી હકીકત ધ્યાને લેવામા આવે તો જણાવેલ છે કે ''પ્રતિવાદી નં.૨ નાએ કહેવાતો વેચાણ દસ્તાવેજ કરેલ છે પરંતુ આ જમીનનો ખરો અને વાસ્તવીક કબજો ગુજ.પ્રતિવાદી નં.૧ પાસે હતો હાલ અમારી પાસે છે......તેવી હકીકત જણાવેલ છે. જયારે વાદીની દાવા અરજીના દાદના પેરા–૧૦(૧) ધ્યાને લઈએ તો ''વાદીઓનો ૧/૬ હીસ્સો અલગ કરાવી અને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો દરેક વાદીઓને સુપ્રત કરાવી આપવા, પેરા–૧૦(૨)મા દાદ માંગેલ છે કે ''દાવાની તારીખથી આ કામની જમીનનો કબજો સુપ્રત થતા સુધી દાવાવાળી જમીનમાથી દરમ્યાન ઉપજનો હિસાબ કરાવી કોર્ટ કમીશ્નર મારફત હીસાબો લઈ વાદીઓનો દરેકનો ૧/૬ હીસ્સો અપાવવા તથા તેની રકમ અપાવવા દાદ માંગેલ છે. આમ વાદી દાવા અરજીના પેરા–પ મા કબજો હાલ તેમની પાસે હોવાનુ જણાવે છે. જયારે દાદના પેરા–૧૦(૧) તથા ૧૦(૨) મુજબ શાંત અને પ્ર ત્યક્ષ કબજો વાદીઓને સુપ્રત કરાવવાની દાદ માંગેલ છે. જેથી કબજા બાબતની વિરોધાભાસી હકીકત વાદી પોતે દાવા અરજીમા જણાવે છે. વધુમા સદર કામ વાદી પક્ષના પુરાવા ઉપર છે. વાદી ધ્વારા પોતાનો કબજો સાબીત કરવા પોતાના પુરાવાના સ્ટેજ દરમ્યાન તક રહેલ છે. સીવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર–૨૬, રૂલ–૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

9. Commissions to make local investigations.—In any suit in which the Court deems a local investigation to be requisite or proper for the purpose of elucidating any matter in dispute, or of ascertaining the market-value of any property, or the amount of any mesne profits or damages or annual net profits, the Court may issue a commission to such person as it thinks fit directing him to make such investigation and to report thereon to the Court:

આમ ઉપરોકત ઓર્ડર–૨૬ રૂલ–૯ ની જોગવાઈ ધ્યાને લેવામા આવે તો કોઈ તકરારી

હકીકત, મીલ્કતની બજાર કિંમત, દરમ્યાન ઉપજ, નુકશાન, વાર્ષીક નફો જેવી બાબતો નિર્ધારીત કરવા કોર્ટ કમીશ્નરની નિમણુંક કરી શકે તેવી જોગવાઈ છે.

વધુમા વાદી તરફે હાલની અરજીના સમર્થનમા સીવીલ અપીલ નંબર : ૧૬૫૯/૧૬૬૦/૨૦૨૧ રાહુલ એસ. શાહ વિરૂધ્ધ જીતેન્દ્રકુમાર ગાંધી અને બીજાઓનો નામદાર સુપ્રીમ કોર્ટના www. Live Law. In વેબસાઈટની કોપી રજુ કરી પેરેગ્રાફ નં. ૪૨ આધારે કોર્ટ કમીશ્નરની નિમણુંક કરી શકે છે તેવી રજુઆત કરેલ છે. વાદી તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાના પેરેગ્રાફ ૪૨ વંચાણે લેતા નામદાર સુપ્રીમ કોર્ટે અવલોકન કરેલ છે કે "In appropriate cases, where the possession is not in dispute and not a question of fact for adjudication before the Court, the Court may appoint Commissioner to assess the accurate description and status of the property."
આમ નામદાર સુપ્રીમ કોર્ટનો ઉપરોકત ચુકાદાના પેરેગ્રાફ નં.૪૨ ઉપર વાદીએ આધાર રાખીને રજુઆત કરેલ છે કે સદર કેસમા નામદાર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે અવલોકન કરેલ છે કે જયાં કબજાની હકીકત તકરારી ન હોય કે ન્યાય નિર્ણયનો પ્રશ્ન ન હોય તેવા યોગ્ય કેસમા મીલ્કતનુ ચોકકસ ડીસ્ક્રીપ્શન અને સ્ટેટસ નિર્ધારીત કરવા કોર્ટ કમીશ્નરની નિમણુંક કરી શકે છે. આમ હાલના કેસમા બન્ને પક્ષે મીલ્કતનો કબજો એ તકરારી હકીકત અને ન્યાય નિર્ણયનો પ્રશ્ન હોય વાદીની રજુઆત મુજબ તકરારી મીલ્કતના કબજાની સ્થિતિ રેકર્ડ ઉપર લાવવા ઉપરોકત ચર્ચા કરેલ ઓર્ડર–૨૬ રૂલ–૯ ની જોગવાઈ મુજબ કોર્ટ કમીશ્નરશ્રીની નિમણુંક કરી શકાય નહીં તેવુ મારૂ નમ્રપણે માનવુ છે. આ કેસમા વાદી–પ્રતિવાદીનુ પ્લીડીંગ ધ્યાને લેતા કબજાની હકીકત તકરારી હોય બન્ને પક્ષે પોતપોતાનો કબજો પોનાના સ્વતંત્ર પુરાવા થકી પુરવાર કરવાનો રહે છે. પક્ષકારો વતી પુરાવો એકત્ર કરવા સી.પી.સી. ઓર્ડર–૨૬, રૂલ–૯ ની જોગવાઈ મુજબ કોર્ટ કમીશ્નરશ્રીની નિમણુંક કરવી ન્યાયોચીત જણાતુ ન હોય ઉપરોકત તમામ ચર્ચા તથા કારણોસર ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) વાદીની આંક–૧૨૮ ની ઓર્ડર–૨૬, રૂલ–૯ ની જોગવાઈ મુજબની અરજી નામંજુર કરવામા આવે છે.

(૨) હાલ ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજરોજ તા.૭ મી માહે મે, સને–૨૦૨૫ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૭–૫–૨૦૨૫.

(ચંગીઝ મસવર રાઠોડ)
મુખ્ય સિવિલ જજ,
માંગરોળ.
**JUDGE CODE NO.GJ-01238**